મંદિર હે મુક્તિ-સુખા

મંદિર હે મુક્તિ-સુખા, માંગલ્ય મંત્રાર્થી મધુ !
સાષ્ટાંગ પ્રણિપાતે પરમ અર્થ, વ્યક્તકાને ધન્ય છે.

જે ચક્ષુ પ્રભુ-દર્શન કરે, તે આંખને પણ ધન્ય છે;
જે દૃષ્ટિ સુદર્શન કરે, તે સ્થિર-પ્રજ્ઞા ધન્ય છે.

પંચાગુલિ પ્રણમી નમે, તે હસ્તભૂજા ધન્ય છે;
કર જોડી પ્રભુ-ચરણે નમે, તે બાહુઓને ધન્ય છે.

જે જીભ પ્રભુ-કીર્તન કરે, તે ઓષ્ઠ-ગુફા ધન્ય છે;
અંતઃકરણ વંદી પૂજે, તે ભાવ-દ્રવ્યને ધન્ય છે.

જે કાન પ્રભુ-સ્તવના સુણે, તે યુગલ-કર્ણને ધન્ય છે;
સત્‌વાણી સુણી મનન મથતા, સુબુધ મનને ધન્ય છે.

જે ચરણ દોડે "જ્ઞાની" પાસે, પગલે પગલાં ધન્ય છે;
જે ધૂપ, દીપ, ચંદન સમર્પે, દેહ-યજ્ઞને ધન્ય છે.

કર્મેન્દ્રિયો–જ્ઞાનેન્દ્રિયો, ઉપયોગ શુદ્ધે ધન્ય છે;
સર્વાત્માના સુખ-મોક્ષદાતા, લબ્ધેશ્વરી આ ધન્ય છે.

વીતરાગ-મુદ્રી દેહ સાથે, સિદ્ધપદને ધન્ય છે;
ભવચક્ર છોડાવી દિયે, તે "જ્ઞાની પુરુષ" ધન્ય છે.

પરમાત્મના અજન્મા-જન્મો, ઉજવણાંને ધન્ય છે;
અહીં મોક્ષસુખ આસ્વાદ કા, સૌ મ્હાતમાને ધન્ય છે.

ભવ્યાત્મનાં ઉત્તમ નિમિત્ત, સંયોગ સૌરભ ધન્ય છે;
"જ્ઞાની પુરુષ"ને મળી ગયા, સૌભાગ્ય-પુણ્યા ધન્ય છે. ---જે ચક્ષુ...